MANOGAT • Year 42 • Issue 5 • 10 June 2023 • Jeth Vud 7, Samvat 2079 • Yugabd 5125 • Price : Rs. 5/- • Pages : 28

# મનોગત



## દેશને આઝાદી મળી ત્યારે સંસદનું જે ચિત્ર હોવું જોઈએ તે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનું ઐતિહાસિક ચિત્ર નવી સંસદના લોકાર્પણ સમયે માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જોવા મળ્યું

# નવા સંસદ ભવનના લોકાર્પણ સમયની તસવીરો


















Year : 42, Issue : 5, Pages : 28



**તંત્રીસ્થાનેથી**

# આઝાદીના અમૃતવર્ષે આઝાદ ભારતમાં આપણા શાસનમાં બનેલી આપણી નવી સંસદનું ગૌરવપૂર્ણ લોકાર્પણ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

તાજેતરમાં દેશના નવા સંસદ ભવનનું ભવ્ય અને દિવ્ય લોકાર્પણ થયું. માત્ર ૩૦ મહિનામાં લોકસભાના ૮૫૦ ઉપરાંત અને રાજ્યસભાના ૩૫૦ ઉપરાંત પ્રતિનિધિઓ બેસી શકે તેવી વિશાળ ક્ષમતાવાળું, આધુનિક અને નવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટેકનોલોજીથી સુસજ્જ સંસદ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આપણા સૌ માટે ગૌરવની બાબત એ છે કે, આપણા જ તજ્જ્ઞો, કરીગરો અને આપણા જ કામદારો દ્વારા આ સંસદ ભવન બનાવવામાં આવ્યું છે જે ગૌમુખ જેવું દેખાય છે.

સાધુ-સંતો અને સેલોંગ સાથે માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંસદમાં પ્રવેશ કર્યો ત્યારે આપણા સૌનું હૈયું ગદ્‌ગદિત થઈ ઊઠ્યું હતું. આઝાદી પછીની કોંગ્રેસ સરકારોએ દંભી બિનસાંપ્રદાયિકતાનું 'ભૂત' એવું ઊભુ કર્યું હતું કે આપણે સહજપણે પણ આપણા ધર્મ કે સંસ્કૃતિનું ગૌરવ લઈ શકતા નહોતા. સંસદ ગૃહમાં સેલોંગની સંતો મહંતોની ઉપસ્થિતિમાં થયેલી સ્થાપનાએ આ દેશની સંસ્કૃતિને સંસદમાં જીવંત સ્વરૂપે સ્થાપિત કરી હોય તેવો અદ્‌ભુત આનંદ સૌને થયો છે.

દેશના ૧૪૦ કરોડ નાગરિકોના ગૌરવની આ ક્ષણે પણ કોંગ્રેસ અને વિપક્ષે અળગા રહેવાનાં રાજકીય નાટકો કર્યાં તે આ દેશનું દુર્ભાગ્ય છે. જે મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા શ્રીમતી દ્રૌપદીજી મુર્મુનો ઠેર-ઠેર વિરોધ કરીને પ્રથમ મહિલા આદિવાસી રાષ્ટ્રપતિ ન બને તે માટે ઉઠાપટાંગ કરી હતી તે કોંગ્રેસ અને વિપક્ષે તેમના નામે રાજકીય પ્રપંચ ખેલવાનો હિન પ્રયાસ કર્યો !

સત્ય એ છે કે કોંગ્રેસને દુઃખે છે પેટમાં અને કૂટે છે માથું. ભાજપનું સુશાસન, પ્રામાણિક નેતૃત્વ અને રાષ્ટ્રપ્રેમી વિચારધારા એમનાથી સહન થતી નથી અને માટે નવાં-નવાં ગતકડા કાઢી પ્રજા અને દેશવિરોધી બાબતોમાં તે રચીપચી રહે છે.

આઝાદીના અમૃતવર્ષે આઝાદ ભારતમાં બનેલી આપણી નવી સંસદના લોકાર્પણના ગૌરવ પ્રસંગે આવો આપણે સૌ ભગવાન રામને પ્રાર્થના કરીએ કે સબકો સન્મતિ દે ભગવાન.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# આ નવું સંસદ ભવન યોજનાને યથાર્થ સાથે, નીતિને નિર્માણ સાથે, ઇચ્છાશક્તિને ક્રિયાશક્તિ સાથે, સંકલ્પને સિદ્ધિ સાથે જોડતી મહત્ત્વની કડી સાબિત થશે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

લોકસભાના આદરણીય અધ્યક્ષ શ્રી ઓમ બિરલાજી, રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરિવંશજી, માનનીય સંસદસભ્યો, તમામ વરિષ્ઠ લોકપ્રતિનિધિઓ, વિશેષ મહેમાનો, અન્ય તમામ મહાનુભાવો અને મારા પ્રિય દેશવાસીઓ!

## કેટલીક તારીખો સમયના લલાટ પર ઇતિહાસના અમીટ હસ્તાક્ષર બની જાય છે

દરેક દેશના વિકાસની યાત્રામાં કેટલીક એવી ક્ષણો આવતી હોય છે, જે હંમેશ માટે અમર બની જાય છે. કેટલીક તારીખો સમયના લલાટ પર ઇતિહાસના અમીટ હસ્તાક્ષર બની જાય છે. આજની આ તારીખ, 28 મે 2023નો આ દિવસ, આવો જ એક શુભ પ્રસંગ છે. દેશની સ્વતંત્રતાનાં 75 વર્ષ નિમિત્તે અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અમૃત મહોત્સવમાં ભારતના લોકોએ તેમની લોકશાહીને સંસદના આ નવનિર્મિત ભવનની ભેટ આપી છે. આજે સવારે જ સંસદ ભવન પરિસરમાં સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. હું તમામ દેશવાસીઓને ભારતની લોકશાહીની આ સોનેરી પળ બદલ અભિનંદન પાઠવું છું.

## દુનિયાને ભારતના સંકલ્પનો સંદેશ આપી રહેલું આપણી લોકશાહીનું મંદિર

મિત્રો, આ માત્ર ઇમારત નથી. તે 140 કરોડ ભારતીયોની આકાંક્ષાઓ અને સપનાંઓનું પ્રતિબિંબ છે. તે દુનિયાને ભારતના સંકલ્પનો સંદેશ આપી રહેલું આપણી લોકશાહીનું મંદિર છે. આ નવું સંસદ ભવન યોજનાને યથાર્થ સાથે, નીતિને નિર્માણ સાથે, ઇચ્છાશક્તિને ક્રિયાશક્તિ સાથે, સંકલ્પને સિદ્ધિ સાથે જોડતી મહત્ત્વની કડી સાબિત થશે. આ નવું ભવન આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાંને સાકાર કરવાનું માધ્યમ બનશે. આ નવી ઇમારત આત્મનિર્ભર ભારતના સૂર્યોદયની સાક્ષી બનશે. આ નવું ભવન વિકસિત ભારતના સંકલ્પોને સિદ્ધ થઈ રહેલા જોશે. આ નવું ભવન નૂતન તેમજ પુરાતન સહઅસ્તિત્વ માટે પણ એક આદર્શરૂપ છે.



## આજે ફરી એકવાર સમગ્ર વિશ્વ ભારત તરફ સન્માન અને આશાની ભાવનાથી જોઈ રહ્યું છે

મિત્રો, નવા માર્ગો પર આગળ વધવાથી જ નવા કીર્તિમાન સ્થાપિત થઈ શકે છે. આજે, નવું ભારત નવાં લક્ષ્યો નિર્ધારિત કરી રહ્યું છે, નવા માર્ગો ઘડી રહ્યું છે. નવો જુસ્સો ધરાવે છે, નવો ઉત્સાહ ધરાવે છે. નવી યાત્રા છે, નવી વિચારધારા છે. દિશા નવી છે, દૃષ્ટિ નવી છે. સંકલ્પ નવો છે, વિશ્વાસ નવો છે. અને આજે ફરી એકવાર સમગ્ર વિશ્વ ભારત તરફ, ભારતના સંકલ્પની મક્કમતાને, ભારતના લોકોની પ્રખરતાને, ભારતીય જનશક્તિની જિજીવિષાને, સન્માન અને આશાની ભાવનાથી જોઈ રહ્યું છે. હવે જ્યારે ભારત આગળ વધે છે ત્યારે વિશ્વ આગળ વધે છે. સંસદનું આ નવું ભવન ભારતના વિકાસથી વિશ્વના વિકાસનું પણ આહ્વાન કરશે.

## નવી ઈમારતમાં પવિત્ર સેંગોલની પણ સ્થાપના કરવામાં આવી છે

મિત્રો, આજે આ ઐતિહાસિક અવસર પર થોડા સમય પહેલાં જ સંસદની આ નવી ઈમારતમાં પવિત્ર સેંગોલની પણ સ્થાપના કરવામાં આવી છે. મહાન ચોલ સામ્રાજ્યમાં, સેંગોલને કર્તવ્યપથના, સેવાના માર્ગના, રાષ્ટ્રના માર્ગના પ્રતીક તરીકે માનવામાં આવતું હતું. રાજાજી અને આદિનમના સંતોના માર્ગદર્શન હેઠળ, આ જ સેંગોલ સત્તાના સ્થાનાંતરણનું પ્રતીક બની ગયું હતું. તમિલનાડુથી ખાસ પધારેલા આદિનમના સંતો આજે સવારે આપણને આશીર્વાદ આપવા માટે સંસદ ભવનમાં ઉપસ્થિત રહ્યા હતા. હું તેમને ફરીથી શ્રદ્ધાપૂર્વક વંદન કરું છું. તેમના જ માર્ગદર્શન હેઠળ લોકસભામાં આ પવિત્ર સેંગોલની સ્થાપના કરવામાં આવી છે. થોડા દિવસ પહેલાં જ, તેના ઇતિહાસ સાથે સંકળાયેલી ઘણી માહિતી મીડિયામાં સામે આવી છે. હું તેની વિગતમાં બહુ ઊંડો ઊતરવા માંગતો નથી. પરંતુ હું માનું છું કે, આપણે આ પવિત્ર સેંગોલને તેની ગરિમા પાછી આપી શક્યા છીએ, તેનાં માન-મર્યાદા પરત કરવામાં સફળ થયા છીએ, તે આપણા માટે સૌભાગ્યની વાત છે. જ્યારે પણ આ સંસદ ભવનમાં કાર્યવાહી શરૂ કરવામાં આવશે ત્યારે આ સેંગોલ આપણને સૌને પ્રેરણા આપતું રહેશે.

## જે અટકી જાય છે તેનું નસીબ પણ અટકી જાય છે

મિત્રો, ભારત માત્ર લોકશાહી દેશ નથી પરંતુ લોકશાહીની જનેતા પણ છે, મધર ઓફ ડેમોક્રસી પણ છે. ભારત આજે વૈશ્વિક લોકશાહીનો પણ ખૂબ મોટો આધાર છે. લોકશાહી આપણા માટે માત્ર એક વ્યવસ્થા નથી, પરંતુ તે એક સંસ્કાર છે, એક વિચાર છે, એક પરંપરા છે. આપણા વેદ આપણને સભાઓ અને સમિતિઓના લોકશાહી આદર્શો શીખવાડે છે. મહાભારત જેવા ગ્રંથોમાં ગણ (પ્રજા) અને ગણતંત્ર (પ્રજાસત્તાક)ની વ્યવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપણે વૈશાલી જેવું પ્રજાસત્તાક જીવન જીવી જાણ્યા છીએ. આપણે ભગવાન બસવેશ્વરના



महादेव शिव शंकर शंभो,
कोटि कोटि प्रणिपात
शुभस्थापन सेंगोल का देख के
हर्षित भारत मात ।
धर्मदंड है, राजदंड है
स्वागत है तव, वंदन
महादेवके रुप अनुपम
धन्य धन्य तव दर्शन ।
स्वागत है तव , वंदन ।

प्रतीक उज्वल परंपरा की
राजधर्म की ज्योति
त्रिदेव की शक्तिसे मंडित
दिव्य है ये अनुभूति
अविचल शृंग हिमालयसे बहे
गंगाजल ये सनातन
धर्मदंड है, राजदंड है,
स्वागत है तव, वंदन ।

भव्य भवन है , दिव्य दंड है
उत्सव अमृतवर्ष
जन जन का मन मुखरित
पुलकित हृदयमें हर्ष
सर्वजन हिताय, सर्वजन सुखाय
शासन से अनुशासन
धर्मदंड है , राजदंड है ,
स्वागत है तव, वंदन ।

- तुषार शुक्ल



અનુભવના ભાથાને આપણું ગૌરવ માન્યું છે. તમિલનાડુમાં મળેલો ઈ.સ. 900નો શિલાલેખ આજે પણ બધાને આશ્ચર્યમાં મૂકી દે છે. આપણી લોકશાહી જ આપણી પ્રેરણા છે, આપણું બંધારણ જ આપણો સંકલ્પ છે. આ પ્રેરણા, આ સંકલ્પનું સૌથી શ્રેષ્ઠ પ્રતિનિધિ જો કોઈ હોય તો તે આપણી આ સંસદ છે. અને આ સંસદ દેશની જે સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે, તેનો ઉદ્‌ઘોષ કરે છે – शेते निपद्य–मानस्य चराति चरतो ભગઃ चरैवेति, चरैवेति– चरैवेति॥ કહેવાનો અર્થ એ છે કે, જે અટકી જાય છે તેનું નસીબ પણ અટકી જાય છે, પરંતુ જે ચાલતા રહે છે, તેનું નસીબ આગળ વધે છે, ઊંચાઈઓને સ્પર્શે છે. અને આથી જ, એકધારા ચાલતા રહો, ચાલતા રહો. ગુલામી પછી, આપણા ભારતે ઘણું બધું ગુમાવ્યા પછી તેની નવી યાત્રાનો પ્રારંભ કર્યો છે. એ યાત્રા અનેક ચડાવ-ઉતારમાંથી પસાર થઈ છે, અનેક પડકારોને પાર કરીને, આઝાદીના અમૃતકાળમાં પ્રવેશી ચૂકી છે. આઝાદીનો આ અમૃતકાળ – વારસાનું જતન કરીને વિકાસના નવા આયામો ઘડવાનો અમૃતકાળ છે. આઝાદીનો આ અમૃતકાળ – દેશને નવી દિશા આપવાનો અમૃતકાળ છે. આઝાદીનો આ અમૃતકાળ – અનંત સપનાંઓ અને અસંખ્ય આકાંક્ષાઓને પૂરી કરવાનો અમૃતકાળ છે. આ અમૃતકાળનું આહ્વાન છે કે,-

મુક્ત માતૃભૂમિને નવું માન જોઈએ,
નવીન પર્વ માટે, નવો પ્રાણ જોઈએ,
મુક્ત ગીત થઈ રહ્યું છે, નવીન રાગ જોઈએ, નવીન પર્વ માટે, નવો પ્રાણ જોઈએ. અને તેથી જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા જઈ રહેલું આ કાર્યસ્થળ પણ એટલું જ નવીન હોવું જોઈએ, આધુનિક હોવું જોઈએ.

**સેંકડો વર્ષની ગુલામીએ આપણી પાસેથી આપણું ગૌરવ છીનવી લીધું હતું**

મિત્રો, એક સમય હતો જ્યારે ભારતની ગણતરી વિશ્વના સૌથી સમૃદ્ધ અને વૈભવી દેશોમાં થતી હતી. ભારતનાં શહેરોથી માંડીને મહેલો સુધી, ભારતનાં મંદિરોથી લઈને શિલ્પો સુધી, ભારતના સ્થાપત્યે ભારતની કુશળતાની ઘોષણા કરી હતી. સિંધુ સંસ્કૃતિના નગર આયોજનથી માંડીને મૌર્ય સ્તંભો અને સ્તૂપ સુધી, ચોલો દ્વારા બાંધવામાં આવેલાં ભવ્ય મંદિરોથી લઈને જળાશયો અને મોટા બંધો સુધી, ભારતના ચાતુર્યએ સમગ્ર દુનિયાના પ્રવાસીઓને આશ્ચર્યચકિત કરી દીધા હતા. પરંતુ સેંકડો વર્ષની ગુલામીએ આપણી પાસેથી આ ગૌરવ છીનવી લીધું. એક સમય એવો પણ આવ્યો હતો જ્યારે આપણે બીજા દેશોમાં થતા બાંધકામોથી આકર્ષિત થવા માંડ્યા હતા. 21મી સદીનું નવું ભારત, ઉચ્ચ ભાવનાથી ભરેલું ભારત, હવે ગુલામીની એ વિચારસરણીને પાછળ છોડી રહ્યું છે. આજે ભારત ફરી એકવાર પ્રાચીન કાળના તે ભવ્ય પ્રવાહને પોતાની તરફ ફેરવી રહ્યું છે. અને સંસદનું આ નવું ભવન આ પ્રયાસનું જીવંત પ્રતીક બની ગયું છે. આજે નવું સંસદ ભવન જોઈને દરેક ભારતીય ગૌરવથી છલકાઈ રહ્યો છે. આ ઇમારત વારસાની સાથે સાથે આર્કિટેક્ચર પણ ધરાવે છે. આમાં કળાની સાથે સાથે કૌશલ્ય પણ છે. તેમાં સંસ્કૃતિ પણ છે અને બંધારણનો સ્વર પણ છે.

**લોકસભાનો આંતરિક ભાગ રાષ્ટ્રીય પક્ષી મોર પર આધારિત રાજ્યસભાનો આંતરિક ભાગ રાષ્ટ્રીય ફૂલ કમળ પર આધારિત છે રાષ્ટ્રીય વૃક્ષ વડ પણ સંસદના પરિસરમાં છે**

તમે જોઈ રહ્યા છો કે, લોકસભાનો આંતરિક ભાગ અહીં પણ જુઓ, અહીં પણ જુઓ, રાષ્ટ્રીય પક્ષી મોર પર આધારિત છે. રાજ્યસભાનો આંતરિક ભાગ રાષ્ટ્રીય ફૂલ કમળ પર આધારિત છે. અને આપણું રાષ્ટ્રીય વૃક્ષ વડ પણ સંસદના પરિસરમાં છે. આપણા દેશના જુદા જુદા ભાગોની વિવિધતાને, આ નવા ભવને તે બધાને સમાવી લીધા છે. તેમાં રાજસ્થાનથી લાવવામાં આવેલા ગ્રેનાઈટ અને સેન્ડસ્ટોન લગાવવામાં આવ્યા છે. તમે જે લાકડાનું કામ જોઈ રહ્યા છો તે મહારાષ્ટ્રમાંથી આવ્યું છે. ઉત્તરપ્રદેશના ભદોહીના કારીગરોએ આના માટે પોતાના હાથ વડે જાતે ગાલીચો વણ્યો છે. એક રીતે જોવામાં આવે તો, આ ભવનના દરેક કણમાં આપણને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનાં દર્શન થઈ શકશે.

**છેલ્લા દોઢ – બે દાયકાથી સતત ચર્ચા ચાલી રહી હતી કે દેશને નવા સંસદ ભવનની જરૂર છે**

મિત્રો, સંસદના જૂના ભવનમાં દરેક માટે પોતાનું કામ પૂરું કરવું



ઘણું મુશ્કેલ થઈ રહ્યું હતું તે વાત આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. ટેક્નોલોજી સાથે સંકળાયેલી સમસ્યાઓ હતી, બેઠકની જગ્યા સાથે સંકળાયેલો પડકાર હતો. એટલા માટે છેલ્લા દોઢ-બે દાયકાથી સતત ચર્ચા ચાલી રહી હતી કે દેશને નવા સંસદ ભવનની જરૂર છે. અને આપણે એ પણ જોવાનું રહેશે કે આવનારા સમયમાં બેઠકોની સંખ્યામાં વધારો થશે, સાંસદોની સંખ્યા વધશે તો એ લોકો ક્યાં બેસશે?

અને તેથી જ સમયની માંગ હતી કે, સંસદની નવી ઇમારતનું નિર્માણ કરવામાં આવે. અને મને એ વાતનો આનંદ છે કે, આ ભવ્ય ભવન સંપૂર્ણ રીતે આધુનિક સુવિધાઓથી સજ્જ છે. તમે જોઈ શકો છો કે, આ સમયે પણ આ હોલમાં સૂર્યપ્રકાશ સીધો જ આવી રહ્યો છે. વીજળીનો ઓછામાં ઓછો વપરાશ થાય, દરેક જગ્યાએ અદ્યતન ટેક્નોલોજીવાળા ગેજેટ હોય, આ બધી જ બાબતોનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

## સંસદ ભવને લગભગ 60 હજાર શ્રમિકોને રોજગાર આપવાનું કામ પણ કર્યું

મિત્રો, આજે સવારે જ હું આ સંસદ ભવનના નિર્માણમાં જોડાયેલા શ્રમિકોના સમૂહને મળ્યો. આ સંસદ ભવને લગભગ 60 હજાર શ્રમિકોને રોજગાર આપવાનું કામ પણ કર્યું છે. તેમણે આ નવી ઇમારત માટે પોતાનો પરસેવો રેડ્યો છે. મને ખુશી છે કે સંસદમાં તેમના શ્રમને સમર્પિત ડિજિટલ ગેલેરી પણ તૈયાર કરવામાં આવી છે. અને વિશ્વમાં કદાચ પ્રથમ વખત આવું બન્યું હશે. હવે સંસદના નિર્માણમાં તેમનું યોગદાન પણ અમર થઈ ગયું છે.

## નવ વર્ષ ભારતમાં નવા નિર્માણનાં, ગરીબોના કલ્યાણનાં રહ્યાં

મિત્રો, જો કોઈ નિષ્ણાત છેલ્લાં નવ વર્ષનું મૂલ્યાંકન કરે તો તેમને જણાશે કે આ નવ વર્ષ ભારતમાં નવા નિર્માણનાં, ગરીબોના કલ્યાણનાં રહ્યાં છે. આજે સંસદની નવી ઇમારતના નિર્માણ પર આપણને ગૌરવ છે, તેથી મને એ વાતનો પણ સંતોષ છે કે છેલ્લાં 9 વર્ષમાં ગરીબો માટે 4 કરોડ મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે જ્યારે આપણે આ ભવ્ય ઇમારતને જોઈને માથું ઊંચું કરી રહ્યા છીએ ત્યારે છેલ્લાં 9 વર્ષમાં બાંધવામાં આવેલા 11 કરોડ શૌચાલયથી પણ મને સંતોષ છે, જેના કારણે મહિલાઓની ગરિમાનું રક્ષણ થયું છે અને તેમનું માથું ઊંચુ કર્યું છે. આજે જ્યારે આપણે આ સંસદ ભવનમાં સુવિધાઓ વિશે વાત કરી રહ્યા છીએ ત્યારે મને એ વાતનો સંતોષ છે કે, છેલ્લાં 9 વર્ષમાં અમે ગામડાંઓને જોડવા માટે 4 લાખ કિલોમીટર કરતાં વધુ લંબાઈના માર્ગોનું નિર્માણ કર્યું છે. આજે જ્યારે આપણે આ ઈકો-ફ્રેન્ડલી ઇમારત જોઈને ખુશ છીએ ત્યારે મને એ વાતનો સંતોષ છે કે, અમે પાણીનું એક એક ટીપું બચાવવા માટે 50 હજારથી વધુ અમૃત સરોવરનું નિર્માણ કર્યું છે. આજે જ્યારે આપણે આ નવા સંસદ ભવનની લોકસભા અને રાજ્યસભા જોઈને ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે મને સંતોષ છે કે, આપણે દેશમાં 30 હજારથી વધુ નવી પંચાયતના ભવનનું પણ નિર્માણ કર્યું છે. મતલબ કે, પંચાયત ભવનથી લઈને સંસદ ભવન સુધી અમારી નિષ્ઠા એક જ રહી છે, અમારી પ્રેરણા એક જ રહી છે - દેશનો વિકાસ, દેશની જનતાનો વિકાસ.

## ઇતિહાસમાં એક એવો સમય આવે છે, જ્યારે દેશની ચેતના નવેસરથી જાગે છે

મિત્રો, આપ સૌને ધ્યાનમાં હશે જ, કે 15 ઓગસ્ટે મેં લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે – આ જ સમય છે, યોગ્ય સમય છે. દરેક દેશના ઇતિહાસમાં એક એવો સમય આવે છે, જ્યારે દેશની ચેતના નવેસરથી જાગે છે. ભારતમાં આઝાદીનાં 25 વર્ષ પહેલાં, 1947ની પહેલાંનાં 25 વર્ષ યાદ કરો, ભારતમાં આઝાદીના 25 વર્ષ પહેલાં, આવો જ સમય આવી ગયો હતો. ગાંધીજીના અસહકાર આંદોલને આખા દેશને એક આસ્થાથી છલકાવી દીધો હતો. ગાંધીજીએ દરેક ભારતીયને સ્વરાજના સંકલ્પ સાથે જોડ્યા હતા. આ તે સમય હતો જ્યારે દરેક ભારતીય આઝાદી માટે લડી રહ્યો હતો. આના પરિણામ રૂપે આપણે 1947માં ભારતની આઝાદી મેળવી. આઝાદીનો આ અમૃતકાળ પણ ભારતના ઇતિહાસનો એક આવો જ પડાવ છે. આજથી 25 વર્ષ પછી, ભારત તેની આઝાદીનાં 100 વર્ષ પૂરાં કરશે. આપણી પાસે 25 વર્ષનો અમૃત કાળખંડ છે. આ 25 વર્ષ દરમિયાન, આપણે સાથે મળીને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું છે. આ લક્ષ્ય મોટું છે, આ લક્ષ્ય મુશ્કેલ પણ છે, પરંતુ દરેક દેશવાસીએ આજથી જ તેના માટે સખત મહેનત કરવી પડશે,



નવા સંકલ્પો લેવાના છે, નવી ગતિ પકડવી પડશે. અને ઇતિહાસ સાક્ષી રહ્યો છે કે, આપણે સૌ ભારતીયોનો વિશ્વાસ, માત્ર ભારત સુધી જ સીમિત નથી રહેતો. આપણી આઝાદીની લડાઈએ તે સમયે દુનિયાના અનેક દેશોમાં એક નવી ચેતના જગાવી હતી. આપણી આઝાદીની લડાઈથી ભારત તો આઝાદી થયું જ અને સાથે સાથે અનેક દેશોને પણ આઝાદીનાં માર્ગે આગળ વધવાની પ્રેરણા મળી. ભારતના વિશ્વાસે અન્ય દેશોના વિશ્વાસને ટેકો આપ્યો હતો. અને તેથી, જ્યારે ભારત જેવો વિવિધતાથી ભરેલો દેશ, આટલી મોટી વસ્તી ધરાવતો દેશ, અનેક પડકારો સામે લડતો દેશ, એક વિશ્વાસ સાથે આગળ વધે છે, ત્યારે તે વિશ્વના ઘણા દેશોને પ્રેરણા પણ આપે છે. ભારતની દરેક સફળતા, આવનારા દિવસોમાં દુનિયાના અલગ અલગ ભાગોમાં જુદા જુદા દેશોની સફળતાના રૂપમાં પ્રેરણાનું કારણ બનવાની છે. આજે જો ભારત ઝડપથી ગરીબી દૂર કરે છે, તો તે ઘણા દેશોને ગરીબીમાંથી બહાર આવવાની પ્રેરણા પણ આપે છે. ભારતને વિકસિત બનાવવાનો સંકલ્પ બીજા અનેક દેશોની તાકાત બનશે. આથી જ, ભારતની જવાબદારી મોટી બની જાય છે.

## આપણે રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે આગળ વધવું પડશે

અને મિત્રો, સફળ થવાનો ભરોસો હોવો એ જ સફળતાની પ્રથમ શરત છે. આ નવું સંસદ ભવન આ ભરોસાને નવી ઊંચાઈ આપવા જઈ રહ્યું છે. વિકસિત ભારતના નિર્માણમાં આપણા સૌના માટે આ એક નવી પ્રેરણા બનશે. આ સંસદ ભવન દરેક ભારતીયની ફરજની ભાવના જાગૃત કરશે. મને વિશ્વાસ છે કે, આ સંસદમાં જે લોકપ્રતિનિધિઓ નવી પ્રેરણા લઈને બેસશે, તેઓ લોકશાહીને નવી દિશા આપવાનો પ્રયત્ન કરશે. આપણે રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે આગળ વધવું પડશે – इदं राष्ट्राय इदं न मम આપણે કર્તવ્યના માર્ગને સર્વોપરી રાખવો પડશે- कर्तव्यमेव कर्तव्यं, अकर्तव्यं न कर्तव्यं આપણે આપણા વર્તન દ્વારા દૃષ્ટાંતો બેસાડવાં પડશે – यद्यदा–चरति श्रेष्ठः तत्तदेव इतरो जनः। આપણે આપણી જાતને સતત સુધારતા રહેવાની છે – उद्धरेत् आत्मना आत्मानम्। આપણે આપણા પોતાના નવા માર્ગોનું નિર્માણ કરવાનું છે – अप्प दीपो भवः આપણે આપણી જાતને ખપાવી દેવી પડશે, તપાવવી પડશે – तपसों हि परम नास्ति, तपसा विन्दते महता। આપણે જનકલ્યાણને આપણો જીવનમંત્ર બનાવવો પડશે – लोकहितं मम करणीयम्, જ્યારે આપણે સંસદના આ નવા ભવનમાં આપણી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવીશું ત્યારે દેશવાસીઓને પણ નવી પ્રેરણા મળશે.

**અહીં લેવામાં આવનારો દરેક નિર્ણય આવનારી પેઢીઓને સશક્ત બનાવનારો હશે**
**સંસદની આ નવી ઈમારત નવા ભારતના નિર્માણનો આધાર બનશે**

મિત્રો, દુનિયાની સૌથી મોટી લોકશાહીને આ નવું સંસદ ભવન નવી ઊર્જા અને નવી તાકાત પૂરી પાડશે. અમારા શ્રમિકોએ પોતાના પરસેવાથી આ સંસદ ભવન આટલું ભવ્ય બનાવ્યું છે. હવે આપણે સૌ સાંસદોની જવાબદારી છે કે આપણે તેમને આપણા સમર્પણથી તેને હજી પણ વધુ દિવ્ય બનાવીએ. એક રાષ્ટ્ર તરીકે આપણે સૌ 140 કરોડ ભારતીયોનો સંકલ્પ જ આ નવી સંસદની પ્રાણ-પ્રતિષ્ઠા છે. અહીં લેવામાં આવનારો દરેક નિર્ણય આવનારી સદીઓની શોભા વધારનારો છે. અહીં લેવામાં આવનારો દરેક નિર્ણય આવનારી પેઢીઓને સશક્ત બનાવનારો હશે. અહીં લેવામાં આવનારો દરેક નિર્ણય ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનો આધાર બનશે. ગરીબ, દલિત, પછાત, આદિવાસી, દિવ્યાંગ, સમાજના દરેક વંચિત પરિવારના સશક્તિકરણનો માર્ગ, વંચિતોને પ્રાધાન્ય આપવાનો માર્ગ અહીંથી જ પસાર થાય છે. આ નવા સંસદ ભવનની દરેક ઈંટ, દરેક દીવાલ, દરેક કણ ગરીબોના કલ્યાણ માટે સમર્પિત છે. આગામી 25 વર્ષમાં સંસદના આ નવા ભવનમાં બનનારા નવા કાયદા ભારતને વિકસિત ભારત બનાવશે. આ સંસદમાં બનેલા કાયદા ભારતને ગરીબીમાંથી બહાર કાઢવામાં મદદ કરશે. આ સંસદમાં બનનારા કાયદા દેશના યુવાનો અને મહિલાઓ માટે નવી તકોનું સર્જન કરશે. મને ખાતરી છે કે, સંસદની આ નવી ઈમારત નવા ભારતના નિર્માણનો આધાર બનશે. એક સમૃદ્ધ, સશક્ત અને વિકસિત ભારત, નીતિ, ન્યાય, સત્ય, ગૌરવ અને કર્તવ્યપથ પર વધુ મજબૂત બનીને ચાલે તેવું ભારત. હું ફરી એકવાર ભારતના તમામ લોકોને નવા સંસદ ભવન બદલ અભિનંદન પાઠવું છું. આભાર!





**માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ**

સ્ટેન્ડ અપ ઈન્ડિયા હેઠળ એસસી અને એસટી લાભાર્થીઓને
**રૂ. 7,558 કરોડથી વધુ**
મૂલ્યની લોન મંજૂર કરવામાં આવી

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ
**80 કરોડથી વધુ**
ગરીબોને મફત અનાજ આપવામાં આવ્યું

પીએમ સ્વનિધિ (માર્ચ 2023) હેઠળ 42.87 લાખ ખાતાંઓમાં
**રૂ. 5,182 કરોડ**નું
વિતરણ કરાયું

**48.9 કરોડથી વધુ**
જન ધન ખાતાં ખોલવામાં આવ્યાં

PM આવાસ યોજના હેઠળ
**4 કરોડથી વધુ**
ઘર મંજૂર

**28.90 કરોડ**
અસંગઠિત કામદારો ઈ-શ્રમ પોર્ટલમાં નોંધાયા

**રૂ. 29 લાખ કરોડ**
સીધા લાભાર્થીઓનાં બેંક ખાતાંમાં ટ્રાન્સફર થયા

**રૂ. 71,301 કરોડ**
(નવેમ્બર 2022 સુધીમાં ભૂતિયા એલપીજી કનેક્શન દૂર કરવાને કારણે બચત)

પીએમ જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ
**રૂ. 13,290 કરોડ**
દાવાઓનું સમાધાન







**315 મેટ્રિક ટનથી વધુ**
ખાદ્યાન્નનું ઉત્પાદન થયું

PM કિસાન નિધિથી
**11 કરોડથી વધુ**
ખેડૂતોને ફાયદો થયો

**4.60 લાખ**
સીડ વિલેજીસ બનાવ્યા;
102 મેટ્રિક ટનથી વધુ
બીજનું ઉત્પાદન કર્યું

**7,000થી વધુ**
કૃષિ અને કૃષિ સંલગ્ન
સ્ટાર્ટઅપ્સ કૃષિ માટે
માન્ય કર્યા

9 વર્ષમાં કૃષિ માટે બજેટ
ફાળવણીમાં
**300%થી વધુનો**
વધારો કરવામાં આવ્યો

**76 લાખ હેક્ટર**
(2015 થી) પ્રતિ ડ્રોપ
મોર ક્રોપ (ટપક સિંચાઈ)
હેઠળ આવરી
લેવામાં આવ્યા

**221.06 મેટ્રિક ટન**
દૂધ ઉત્પાદન, 9 વર્ષમાં
51%નો વધારો

2016થી PKVY હેઠળ
**11 લાખથી વધુ હેક્ટર**
વિસ્તાર આવરી
લેવામાં આવ્યા

MSP પર કઠોળની
પ્રાપ્તિમાં
**7350%નો વધારો**





## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ

ભારતમાં પ્રથમ વખત, 1000 પુરુષો દીઠ
**1020 મહિલા**
(NFHS-5)

મહિલાઓને તેમનાં ઉદ્યોગસાહસિક સપનાં સાકાર કરવા માટે
**27.7 કરોડથી વધુ**
મુદ્રા લોન આપવામાં આવી

**27 કરોડથી વધુ**
જન ધન બેંક ખાતાં મહિલાઓને સશક્ત બનાવે છે

પેઈડ પ્રસૂતિ રજા 12 અઠવાડિયાંથી વધારીને
**26 અઠવાડિયાં**
કરવામાં આવી

પીએમ માતૃવંદના યોજના હેઠળ
**3.03 કરોડથી વધુ**
મહિલાઓને ચુકવણી કરી

જન ઔષધિ કેન્દ્રોમાં
**34 કરોડથી વધુ**
સેનિટરી પેડ્સ રૂ. 1માં ઉપલબ્ધ કરાવાયા.

**3.18 કરોડ**
સુકન્યા સમૃદ્ધિ યોજના ખાતાં ખોલવામાં આવ્યાં

લગભગ 2.5 કરોડ PM આવાસ-ગ્રામીણ લાભાર્થીઓમાંથી
**68.9%**
મહિલાઓ છે

ઉજ્જ્વલા યોજના દ્વારા
**9.6 કરોડ ધુમાડામુક્ત રસોડાં**







ડિજિટલ અર્થતંત્ર દ્વારા
**6.24 કરોડ**
નોકરીઓનું સર્જન થયું
(2014-2019 વચ્ચે)

PMGDISHA હેઠળ
**5.93 કરોડ**
લોકોને તાલીમ
આપવામાં આવી
(માર્ચ 2023 સુધી)

પીએમ રોજગાર
પ્રોત્સાહન યોજના હેઠળ
**1.21 કરોડ**
લોકોને ફાયદો થયો

**23 IIT**
અને
**20 IIM**ની
સ્થાપના

**30 લાખથી વધુ**
ST વિદ્યાર્થીઓને પ્રી-
મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક
શિષ્યવૃત્તિ યોજના
હેઠળ વાર્ષિક ધોરણે
શિષ્યવૃત્તિ આપવામાં
આવે છે

DDU-GKY હેઠળ
**13.5**
**લાખથી વધુ**
વ્યક્તિઓને તાલીમ
આપવામાં આવી છે

લગભગ
ચાર દાયકા પછી
**નવી**
**રાષ્ટ્રીય**
**શિક્ષણનીતિ**

પીએમ શ્રી યોજના હેઠળ
**14,500**
શાળાઓને અપગ્રેડ
અને વિકસિત કરવામાં
આવશે

**390**
નવી યુનિવર્સિટીઓ
સ્થપાઈ





**માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ**

**રૂ. 7 લાખ**
સુધીની
વાર્ષિક આવક હવે
આવકવેરામુક્ત રહેશે

2014-15 થી 2022-23
વચ્ચે સરેરાશ ફુગાવો
**4.8%**
જે વિશ્વમાં સૌથી નીચો છે

ભારતમાં 20 શહેરોમાં
મેટ્રો ટ્રેકની કુલ લંબાઈ
**845 કિમી**

ડિજીલોકર પર
**16**
**કરોડથી વધુ**
વપરાશકર્તાઓ 560
કરોડથી વધુ દસ્તાવેજો

2014 સુધીમાં
મેટ્રો
**5 શહેરો**માંથી
2023માં
**20 શહેરો**માં
વિસ્તરી

રિયલ એસ્ટેટ
પ્રોજેક્ટ્સ માટે
SWAMIH ફંડ હેઠળ
**રૂ. 25,000**
**કરોડ**

હોમ લોનના વ્યાજ
ભારણમાં
**રૂ. 59,048**
**કરોડનો**
ઘટાડો

જન ઔષધિ કેન્દ્રોમાંથી
સસ્તી દવાઓ સાથે
**રૂ. 20,000**
**કરોડથી**
વધુની બચત

UDAN હેઠળ
**લગભગ**
**1.16 કરોડ**
લોકોએ સસ્તી હવાઈ
મુસાફરીનો
લાભ લીધો છે





## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ

વિશ્વની સૌથી મોટી સ્વૈચ્છિક રસીકરણ ઝુંબેશમાં
**220 કરોડથી વધુ**
રસીના ડોઝ આપવામાં આવ્યા

**38 કરોડથી વધુ**
આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ્સ (ABHA) બન્યા

**18 કરોડથી વધુ**
દર્દીઓએ આયુષ હેઠળ સારસંભાળ મેળવી

**15**
નવી AIIMS અને
**225**
મેડિકલ કોલેજો ઉમેરવામાં આવી રહી છે

પીએમ સુરક્ષા માતૃત્વ અભિયાન હેઠળ
**3.9 કરોડથી વધુ**
સગર્ભા સ્ત્રીઓએ તબીબી સંભાળ મેળવી

1.5 લાખથી વધુ એબી-હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ પર
**147 કરોડથી વધુ**
ફૂટફોલ

**9.55 લાખથી વધુ**
ટ્યુબરક્યુલોસિસના દર્દીઓ હવે નિ-ક્ષય મિત્ર દ્વારા દત્તક લેવામાં આવ્યા છે

પોષણક્ષમ દવાઓ માટે
**9,304**
જનઔષધિ કેન્દ્રો અને 230+ AMRIT ફાર્મસીઓ

**5.65 કરોડથી વધુ**
માતાઓ અને બાળકો મિશન ઈન્દ્રધનુષ દ્વારા સુરક્ષિત





## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ

આતંકવાદને કારણે
**શૂન્ય મૃત્યુ**
સર્જીકલ સ્ટ્રાઈક દ્વારા આતંકવાદીઓનો ખાતમો

ભારતીય બંધારણમાંથી
**કલમ 370**
હટાવવાનો ઐતિહાસિક નિર્ણય

સંરક્ષણ સ્વદેશીકરણ સૂચિમાં
**4,100**
વસ્તુઓ ઉમેરવામાં આવી છે

2010ની સરખામણીમાં 2022માં હિંસાની ઘટનાઓમાં **77%**નો ઘટાડો થયો છે.

2021-22 થી 2025-26 ના સમયગાળા માટે સંરક્ષણ સ્ટાર્ટઅપ્સ માટે
**રૂ. 500 કરોડ**
મંજૂર

વૅક્સિન મૈત્રી દ્વારા
**100થી વધુ**
દેશો માટે
**29.2 કરોડથી વધુ**
કોવિડ-19 રસીઓ

ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડને
**7 સંરક્ષણ PSU**માં
રૂપાંતરિત કરવામાં આવ્યું

છેલ્લાં 5 વર્ષમાં સંરક્ષણ નિકાસમાં
**334% વૃદ્ધિ**

હિંસામાં મૃત્યુ (નાગરિક + SFs) 2022માં
**90% ઘટ્યાં**





**માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ**

વંદે ભારત મિશન
અંતર્ગત
(કોવિડ દરમિયાન)
**3.2 કરોડ**
લોકોને બચાવ્યા

ઑપરેશન રાહત
યમનમાંથી
**4,748**
ભારતીયોને
પરત લાવ્યા

ઑપરેશન ગંગા
યુક્રેનમાંથી
**22,500**
લોકોને
પરત લાવ્યા

ઑપરેશન મૈત્રી
ભૂકંપ દરમિયાન
નેપાળમાંથી લગભગ
**5,000**
ભારતીયોને બચાવ્યા

ઑપરેશન સમુદ્ર સેતુ
કોવિડ દરમિયાન
**3,992**
ભારતીયોને પાછા
લાવવામાં આવ્યા

ઑપરેશન કાવેરી
સુદાનમાંથી લગભગ
**3,000**
ભારતીયોને બહાર
કાઢવામાં આવ્યા
(03-05-2023ના રોજ)

ઑપરેશન દેવી શક્તિ
અફઘાનિસ્તાનમાંથી
**670**
ભારતીયોને બહાર
કાઢવામાં આવ્યા

વુહાન ઈવેક્યુએશન
વુહાનથી
**654**
ભારતીયોને પરત
લાવવામાં આવ્યા

ઑપરેશન સંકટમોચન
દક્ષિણ સુદાનમાંથી
**153**
ભારતીયોને
બચાવવામાં આવ્યા

## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ

**ભારત વિશ્વનું સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું મુખ્ય અર્થતંત્ર છે**
(2022-23માં 7%)

**રૂ. 22 લાખ કરોડની**
મુદ્રા લોનનું વિતરણ કરવામાં આવ્યું (એપ્રિલ 2023)

**રૂ. 15,468 લાખ કરોડ**
(ડિજિટલ વ્યવહારોનું મૂલ્ય, 2017-23)

ECLGS હેઠળ MSME માટે
**રૂ. 3.63 લાખ કરોડ**થી
વધુ મંજૂર

2021 માં ગ્લોબલ રીઅલ-ટાઈમ
**ડિજિટલ પેમેન્ટ્સના 40%**
ભારતમાં થયા

**USD 770 બિલિયન**
(ભારતની એકંદર નિકાસ, નાણાકીય વર્ષ 22-23)

**PIL યોજનાઓ**
આગામી 5 વર્ષમાં
**60 લાખ**
વધારાની નોકરીઓનું સર્જન કરશે

2021-22 માટે મોબાઈલના આયાતકારથી
**$5.5 બિલિયન મોબાઈલ નિકાસ**

નાણાકીય વર્ષ 2021-22માં
**$84.8 બિલિયનનો**
અત્યાર સુધીનો સૌથી વધુ વાર્ષિક FDI પ્રવાહ







ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં
**79 રેન્કનો ઉછાળો,**
2014માં 142થી 2019માં 63 થયો

**એન્જલ ટેક્સ રદ કર્યો**

**39,556**
બિનજરૂરી અનુપાલન રદ કરવામાં આવ્યાં

નવી સ્થાનિક મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સ 25%થી
**ઘટાડીને 15% કર્યો**

નવા ઉદ્યોગસાહસિકોને
**8 કરોડથી વધુ**
મુદ્રા લોન આપવામાં આવી

2021-22માં
**USD 770.18 બિલિયનની**
નિકાસ નોંધાઈ

પ્રધાનમંત્રી મુદ્રા યોજના
**રૂ. 23 લાખ કરોડથી વધુ**
મંજૂરી

**115 યુનિકોર્નનું**
કુલ મૂલ્ય USD 350 બિલિયન

**1,500થી વધુ**
પુરાતન કાયદા રદ કર્યા







2014થી રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે બજેટ ફાળવણીમાં
**500% વધારો**

**400**
વિશ્વકક્ષાની વંદે ભારત ટ્રેનો બનાવવામાં આવશે,
**16**
ટ્રેનો કાર્યરત

હાઈવે બાંધકામની ઝડપ
**37 કિમી/ દિવસ**
સુધી પહોંચી

ગ્રામીણ રોડ કનેક્ટિવિટી
**99% કવરેજ**


**PM ગતિ શક્તિ**
મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરે છે

2014થી
**74 નવાં ઍરપોર્ટ**
કાર્યરત થયાં છે

AMRUT હેઠળ શહેરી વિકાસ માટે
**4,832 પ્રોજેક્ટ પૂર્ણ થયા**

2014થી
**3.28 લાખ કિમી**
ગ્રામીણ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે

રાષ્ટ્રીય જળમાર્ગ અધિનિયમ, 2016 હેઠળ
**111 જળમાર્ગોને**
રાષ્ટ્રીય જળમાર્ગો (NWs) તરીકે જાહેર કરાયા







ભારતમાં **121 કરોડ** મોબાઈલ ગ્રાહકોમાંથી **79 કરોડ** સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે

**1.98 લાખ** ગ્રામ પંચાયત **ઓપ્ટિકલ ફાઈબર**થી જોડાયેલ છે

**પ્રતિ GB ડેટાની કિંમત** રૂ. 308 થી ઘટીને રૂ. 9.94

DBT દ્વારા **રૂ. 2.23 લાખ કરોડથી વધુની** બચત

ડિજિટલ ઈન્ડિયા હેઠળ **5.47 લાખ ઑપરેશનલ કોમન સર્વિસ સેન્ટર્સ** (CSCs).

2021માં વિશ્વના **40% ડિજિટલ વ્યવહારો** ભારતમાંથી હતા

છેલ્લાં 5 વર્ષમાં ભારતમાં **ઈન્ટરનેટ યુઝર્સ બમણાથી પણ વધુ થયા**

ભારત નેટ હેઠળ **6.20 લાખ કિમીનો** ઓપ્ટિકલ ફાઈબર કેબલ નાખ્યો

GeM પોર્ટલ પર **રૂ. 3.90 લાખ કરોડની** વિક્રમી પ્રાપ્તિ



માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના
સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ



રાજ્યોમાં
AFSPA વિસ્તારોમાં
**75% ઘટાડો**

**બોગીબીલ પુલ**
16 વર્ષના વિલંબ બાદ
પૂર્ણ થયો

2014ની સરખામણીએ
2022માં પ્રદેશમાં
બળવાખોરીમાં
**76% ઘટાડો**

**આદિવાસી આસામ પીસ એકોર્ડ 2022** અને
બોડો, નાગા, કાર્બી,
NLFT(SD) સાથેની
શાંતિ સમજૂતીએ
NERમાં શાંતિ લાવી

છેલ્લાં 9 વર્ષમાં
**7 ઍરપોર્ટ**
નવનિર્માણ
કરવામાં આવ્યાં

વન ધન યોજના હેઠળ
**3.3 લાખ**
લોકોએ
લાભ લીધો

**1.55 લાખ હેક્ટર**
જમીનનો સજીવ ખેતી
માટે ઉપયોગ કરવામાં
આવી રહ્યો છે

**4,016 કિમી**
રોડ પ્રોજેક્ટ
હાલમાં ચાલુ છે

**રૂ. 22,000 કરોડથી**
વધુની કિંમતના આશરે
**2,000 પ્રોજેક્ટ**
રાજ્યો માટે મંજૂર

**વિશ્વકક્ષાના કાશી વિશ્વનાથ ધામ અને મહાકાલ પ્રોજેક્ટ**

ચાર ધામ એનએચ કનેક્ટિવિટી પ્રોગ્રામ હેઠળ **889 કિમી NHs** વિકસાવવામાં આવશે

2020માં **રામ મંદિર**નો પાયો નાખ્યો હતો **મંદિર 2024માં ખૂલશે**

15 નવેમ્બરના રોજ **જનજાતિ ગૌરવ દિવસ** ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી

2014થી **231 ચોરાયેલી કલાકૃતિઓ** પરત લાવવામાં આવી, 2014 સુધી માત્ર 13

**કેદારનાથ** પુનઃવિકાસ પ્રોજેક્ટ **રૂ. 207.30 કરોડ**

**નેશનલ વૉર મેમોરિયલ** નેશનલ પોલીસ મેમોરિયલ અને પીએમ સંગ્રહાલય આખરે વાસ્તવિકતા બની

**10 નવાં આદિવાસી** સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયોની સ્થાપના કરવામાં આવી રહી છે

શીખ તીર્થયાત્રીઓ માટે **કરતારપુર સાહિબ કોરિડોર** ખોલાયું





## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ

2022ની વસ્તી-ગણતરી મુજબ ભારતની વાઘની વસ્તી
**3167**
વિક્રમી સંખ્યા

નમામિ ગંગે મિશન હેઠળ
**રૂ. 35,415 કરોડ**થી
વધુના પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા

બિન-અશ્મિભૂત બળતણ ઊર્જા પરના
**COP-21 લક્ષ્યો**
સમયમર્યાદાનાં
**9 વર્ષ**
પહેલાં પૂરાં થયાં

**સૌર ઊર્જા**
સ્થાપિત ક્ષમતા 2014થી
**2300%**
વધી

**પીએમ-કુસુમ**
હેઠળ
**35 લાખ**
કૃષિ પંપને સોલારાઈઝ કરવામાં આવશે

**12 ભારતીય**
દરિયાકિનારા હવે
**બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન**
ધરાવે છે

રાજસ્થાનના ભાડલામાં
**વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક**
(2,200 મેગાવોટથી વધુ) કાર્યરત થયો

2014થી
**સૌર ઊર્જા ટેરિફમાં**
લગભગ
**70%**
ઘટાડો

**ઉજાલા યોજના**
હેઠળ
**36.86 કરોડ**
LED બલ્બનું વિતરણ કરવામાં આવ્યું







**11.88 કરોડ**
પાણીના નળનાં
જોડાણો અપાયાં

**3 કરોડ**
શહેરી મકાનોનું
નિર્માણ

**11.72 કરોડ**
શૌચાલયોનું
નિર્માણ

નેશનલ કમિશન
ફોર બેકવર્ડ ક્લાસને
**બંધારણીય**
**દરજ્જો**

2014 કરતાં
**5**
**ગણી વધુ**
રેસિડેન્સિયલ સ્કૂલને
મંજૂરી

પ્રધાનમંત્રી સુરક્ષા
વીમા યોજનામાં
**29.75 કરોડ**
લોકોનો સમાવેશ

જીવન જ્યોતિ વીમા
યોજનાનો
**13.53 કરોડ**
લોકોએ લાભ લીધો

**37 કરોડ**
આયુષ્માન કાર્ડ
બન્યાં

સૌભાગ્ય યોજના હેઠળ
**2.83 કરોડ**
ઘરો વીજળીથી
પ્રકાશિત





## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 9 વર્ષ

**10 ટકા**
EWS ક્વોટા
લાગુ કરાયો

વિચરતી જાતિઓ માટે
**રાષ્ટ્રીય આયોગની સ્થાપના**

**23 કરોડ**
સોઈલ હેલ્થ કાર્ડ
અપાયાં

કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
ફંડ માટે
**1 લાખ કરોડનું**
આયોજન

ચોખાની નિકાસમાં
**109.7%નો વધારો**

ખાતર સબસીડીમાં
**500%નો વધારો**

પીએમ કૃષિ
સિંચાઈ યોજના
માટે **93068 કરોડની ફાળવણી**

**સશસ્ત્ર દળોમાં મહિલાઓને મહત્ત્વ**

ટોક્યો 2020માં
સર્વશ્રેષ્ઠ ઓલિમ્પિક
**૭ મેડલ**
અને પેરાલિમ્પિકમાં
**૧૯ મેડલ**

કોમલવેલ્થ ગેમ્સ 2022માં
**61 મેડલ**

RERA દ્વારા
**1 લાખથી વધુ**
કેસોનોનિકાલ

**કલમ 370 અને કલમ 35A**
હટાવવાનો ઐતિહાસિક નિર્ણય

સંરક્ષણ ક્ષેત્રમાં
**૭૪% FDI**

પેટન્ટ નોંધણીમાં રેકોર્ડ
**૫૦%નો વધારો**

ISROએ એક સાથે
**૧૦૪ ગ્રહો લોન્ચ કર્યા**
અભૂતપૂર્વ વિશ્વવિક્રમ

**તમામ રાજ્યોની રાજધાનીઓને બ્રોડગેજથી જોડવામાં આવી રહી છે**

પૂર્વોત્તર રાજ્યો માટે
**રૂ. ૨૨ હજાર કરોડની**
ફાળવણી

**રાષ્ટ્રીય વાંસ મિશનની સ્થાપના**

# શ્રી કમલમ્ ખાતે આયોજિત કાર્યક્રમની તસવીરો



REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.